**પ્રધાનમંત્રી આવાસ યોજના – શહેરી ૨.૦ (PMAY-U 2.0) AHP હેઠળ લાભાર્થીનું**

# <u>સોગંદનામું</u>

**(રૂ.૫૦/- નાં સ્ટેમ્પ પેપર પર નોટરાઈઝડ સોગંધનામું)**

આથી હું સહી કરનાર શ્રીમાન /શ્રીમતી /કુમારી........................................................................... ઉંમર વર્ષ આશરે.............. ધંધો/વ્યવસાય/નોકરી....................... રહેવાસી............................................................... તાલુકો / જીલ્લો..............................

આથી આ સોગંદનામા દ્વારા નીચે પ્રમાણે અંતઃકરણપૂર્વક જાહેર કરુ છું અને પ્રતિજ્ઞાપૂર્વક જણાવું છું કે

1. કુટુંબના કોઈ પણ સભ્યના નામે ભારતભરમાં માલિકીનું પાક્કું મકાન / પ્લોટ / જમીન નથી. મારા કે / મારા પત્ની / પતિ કે કુટુંબના કોઈપણ સભ્યના નામે રહેણાંકનું મકાન કે ફ્લેટ સરકારી કાયદા હેઠળ કોઈ કો.ઓ. સોસાયટીમાં કે અન્ય રીતે ભાડા ખરીદ યોજના હેઠળ માલિકીનું નથી.
2. હું EWS (આર્થિક રીતે નબળા વર્ગ) શ્રેણીમાં આવું છું, કારણ કે મારા પરિવારની તમામ સ્ત્રોતોમાંથી મળતી વાર્ષિક આવક રૂ.૩,૦૦,૦૦૦/- (માત્ર ત્રણ લાખ રૂપિયા) સુધીની છે.
3. મેં અથવા મારા પરિવારના કોઈપણ સભ્યએ છેલ્લા ૨૦ વર્ષ દરમિયાન ભારત સરકાર અથવા રાજ્ય સરકારની અન્ય કોઈ આવાસ યોજનાનો લાભ મેળવ્યો નથી.
4. હું PMAY-U 2.0 યોજના હેઠળ મારા મકાનના નિર્માણ માટે કરાર મુજબ નિર્ધારિત સમયગાળા દરમિયાન મારી નાણાકીય ભાગીદારી (ફાળો) આપવા માટે સંમત છું.
5. PMAY-U 2.0 યોજના હેઠળ બાંધવામાં આવેલ મકાનના પૂર્ણતા/નોંધણી/ફાળવણી/કબજો મળ્યાની તારીખથી પાંચ (૦૫) વર્ષ સુધી હું તે મકાન વેચીશ નહીં અથવા અન્ય કોઈને હસ્તાંતરિત કરીશ નહીં.
6. PMAY-U 2.0 યોજના હેઠળ બાંધવામાં આવેલ મકાનનો ઉપયોગ હું માત્ર રહેણાંક હેતુ માટે જ કરીશ અને અન્ય કોઈ પ્રવૃત્તિ માટે તેનો ઉપયોગ કરીશ નહીં.
7. હું PMAY-U 2.0 યોજનાની તથા અરજીપત્રકમાંની તમામ શરતો અને નિયમોનું પાલન કરીશ.
8. મેં PMAY-U 2.0 ની અન્ય કોઈ શ્રેણી (Vertical) હેઠળ અરજી કરી નથી અથવા કોઈ લાભ મેળવ્યો નથી.
9. ભાવનગર મહાનગરપાલિકા તરફથી આર્થિક રીતે પછાત વર્ગનાં લોકો માટે ફાળવવામાં આવનાર મકાનો અંગે જે નિતી નિયમો કરવામાં આવ્યા છે તે મને બંધનકર્તા છે અને ભવિષ્યમાં જે ફેરફારો કરવામાં અવશે તે મને બંધનકર્તા રહેશે.
10. ભાવનગર મહાનગરપાલિકા દ્વારા મને જે મકાન ફાળવવામાં આવશે તેના હપ્તા હું નિયમ મુજબ સમયસર ભરી આપીશ તેમજ તેની કિંમતને લગતાં નિયત સમયમાં નિયત હપ્તાની રકમ દંડ કે દંડનીય વ્યાજ, વેરો કે ઈતર રકમ રજીસ્ટ્રેશનનો ખર્ચ/રકમ તે હું ભાવનગર મહાનગરપાલિકા જે નક્કી કરે તે અધિકૃત સંસ્થાને ભરપાઈ કરવા બંધાઉ છું.
11. આર્થિક રીતે પછાત વર્ગનાં લોકોની આ યોજના હેઠળ રચવામાં આવતા એસોસીએશનનો હું સભ્ય થવા સહમત છું અને તેના નિતીનિયમોનું પાલન કરીશ.

**12.** ભાવનગર મહાનગરપાલિકા દ્વારા મને જે આવાસ ડ્રો માં ફાળવવામાં આવશે તે મને બંધનકર્તા રહેશે. અને તે બદલવા માટે હું કોઈપણ પ્રકારની અરજી કરીશ નહિ.

**13.** આવાસ પેટેની તમામ રકમ અને મેઈન્ટેનન્સ ડીપોઝીટની રકમ ભરપાઈ થયા બાદ આવાસની સોપણી કરવામાં આવશે. જેની મને જાણ છે. યોજનાનાં સમયગાળામાં કે પ્લાનમાં કોઈપણ ફેરફાર થશે તો તે બાબતે હું વાંધો તકરાર કરીશ નહિ.

**14.** મારી તથા મારા કુટુંબનાં સભ્યોની આધારકાર્ડની વિગતો સરકારશ્રીનાં MIS પોર્ટલમાં એન્ટ્રી કરવા માટે હું સહમતી આપું છું.

**15.** ઉપરોકત વિગતો પૈકી કોઈ વિગતો ખોટી ઠરે તો ભાવનગર મહાનગરપાલિકા જે કોઈ નિર્ણય કરશે તે મને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે અને ભાવનગર મહાનગરપાલિકા સામે હું કોઈ કાયદાકીય કાર્યવાહી કરીશ નહિ.

**16.** ભાવનગર મહાનગરપાલિકા દ્વારા કોઈપણ કારણોસર આવાસ રદ કરવામાં આવ્યેથી ભરપાઈ રકમ નિયમ અનુસાર જપ્ત કરવામાં આવશે, તે બાબતે હું વાંધો – તકરાર કરીશ નહી.

હું આથી જાહેર કરું છું કે ઓનલાઈન અરજીપત્રકમાં આપેલી તમામ માહિતી મારી જાણ અને વિશ્વાસ મુજબ સાચી અને યોગ્ય છે. હું એ પણ સમજું છું કે પાત્રતા સંબંધિત શરતોનું પાલન ન કરવાથી અથવા ખોટી માહિતી આપવાથી કાનૂની કાર્યવાહી થઈ શકે છે, જેમાં યોજનામાંથી અપાત્ર ઠરાવવું તથા PMAY-U 2.0 હેઠળ પ્રાપ્ત થયેલા લાભોની વસૂલાતનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત ભાગ માં લખેલ તમામ હકીકત સત્ય અને ખરી છે જે અમો અમારા ધર્મ ના સોગંધ ઉપર જાહેર કરીએ છીએ.

ખોટું સોગંધનામુ કરવું એ ફોજદારી ગુનો બને છે. જેની અમોને જાણ છે.

**સ્થળ : ..........................................**

**તારીખ : ..........................................** **......................................................**

**અરજદારની સહી**